અપીલ અરજી નં.૨૬૩ તા.૧૧–૧૧–૦૯/૧૦

અરજદારઃ– શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ
સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૨૨–૯–૦૯ ની અરજીથી (૧) બાંધકામ પરવાનગી વિના થયેલ બાબતે મ્યુ.કમિશ્નર તા.૫–૧–૦૯ (૨) બાંધકામ પરવાનગી વિના થયેલ બાબતે મ્યુ.કમિશ્નર તા.૨૬–૬–૦૯ (૩) પી.એફ.એ એકટ હેઠળ લાઈસન્સ ન હોવા બાબત આરોગ્ય અધિકારી તા.૧૦–૯–૦૯ (૪) બોરીંગ થી પરવાનગી વિના ટેન્કરો ધ્વારા પાણી સપ્લાય બાબત કમિશ્નરશ્રી તા.૩–૭–૦૯ કાર્યપાલક ઈજનેર ઉધનાઝોન તા.૧૦–૬–૦૯ (૫) પી.એફ.એ લાઈસન્સ ન હોવા છતાં ફરસાણ વેચવા બાબત કમિશ્નરશ્રી આરોગ્ય અધિકારી, ચીફ ફુડ ઈન્સ્પેકટર તા.૩૧–૮–૦૯ થી આપેલ અરજીઓના અનુસંધાને શું શું કાર્યવાહી થઈ છે? અને ના થઈ હોય તો કેમ? તેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૧–૧૧–૦૯ ની અપીલ અરજી નં.૨૬૩/૨૦૦૯–૧૦

શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૨૨–૯–૦૯ ની અરજીથી (૧) બાંધકામ પરવાનગી વિના થયેલ બાબતે મ્યુ.કમિશ્નર તા.૫–૧–૦૯ (૨) બાંધકામ પરવાનગી વિના થયેલ બાબતે મ્યુ.કમિશ્નર તા.૨૬–૬–૦૯ (૩) પી.એફ.એ એકટ હેઠળ લાઈસન્સ ન હોવા બાબત આરોગ્ય અધિકારી તા.૧૦–૯–૦૯ (૪) બોરીંગ થી પરવાનગી વિના ટેન્કરો ધ્વારા પાણી સપ્લાય બાબત કમિશ્નરશ્રી તા.૩–૭–૦૯ કાર્યપાલક ઈજનેર ઉધનાઝોન તા.૧૦–૬–૦૯ (૫) પી.એફ.એ લાઈસન્સ ન હોવા છતાં ફરસાણ વેચવા બાબત કમિશ્નરશ્રી આરોગ્ય અધિકારી, ચીફ ફુડ ઈન્સ્પેકટર તા.૩૧–૮–૦૯ થી આપેલ અરજીઓના અનુસંધાને શું શું કાર્યવાહી થઈ છે? અને ના થઈ હોય તો કેમ? તેની માહિતી આપવા બાબતે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનના પત્ર નં.સા.ઝોન/ટેક/૪૦૪૦ તા.૩–૧૦–૦૯ થી આપેલ માહિતી ગોળ ગોળ આપેલ હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૧–૧૧–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૯૧૦ તા.૧૯–૧૧–૦૯ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)ને તથા અરજદારને તા.૫–૧–૦૯, તા.૨૬–૬–૦૯ , તા.૧૦–૯–૦૯ , તા.૩–૭–૦૯, તા.૧૦–૬–૦૯, તા.૩૧–૮–૦૯થી કરેલી અરજીઓની નકલ બાબતે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદાર તરફથી તા.૨૪–૧૧–૦૯ ના રોજ સદરહુ અરજીની નકલો અત્રેના વિભાગને મળેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૨૨–૯–૦૯ ની અરજીથી અરજીથી (૧) બાંધકામ પરવાનગી વિના થયેલ બાબતે મ્યુ.કમિશ્નર તા.૫–૧–૦૯ (૨) બાંધકામ પરવાનગી વિના થયેલ બાબતે મ્યુ.કમિશ્નર તા.૨૬–૬–૦૯ (૩) પી.એફ.એ એકટ હેઠળ લાઈસન્સ ન હોવા બાબત આરોગ્ય અધિકારી તા.૧૦–૯–૦૯ (૪) બોરીંગ થી પરવાનગી વિના ટેન્કરો ધ્વારા પાણી સપ્લાય બાબત કમિશ્નરશ્રી તા.૩–૭–૦૯ કાર્યપાલક ઈજનેર ઉધનાઝોન તા.૧૦–૬–૦૯ (૫) પી.એફ.એ લાઈસન્સ ન હોવા છતાં ફરસાણ વેચવા બાબત કમિશ્નરશ્રી આરોગ્ય અધિકારી, ચીફ ફુડ ઈન્સ્પેકટર તા.૩૧–૮–૦૯ થી આપેલ અરજીઓના અનુસંધાને શું શું કાર્યવાહી થઈ છે? અને ના થઈ હોય તો કેમ? તેની માહિતી માંગવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારે તા.૫–૧–૦૯ ની અરજીની કાર્યવાહી અંગે મુદ્દા નં.૧ તથા તા.૨૬–૬–૦૯ ના રોજ બાંધકામની પરવાનગી વિના થયેલ બાંધકામ બાબતે કરેલી અરજીની કાર્યવાહી બાબતે મુદ્દા નં.૨ ની માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી સા.ઝોન/ટેક./૪૦૪૦ તા.૩–૧૦–૦૯ થી આપવામાં આવેલ છે. જેમાં દર્શાવેલી વિગતે અત્રેથી કોઈ કાર્યવાહી થયેલ ન હોઈ માહિતી આપવાની રહેતી નથી તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. તથા મુદ્દા નં.૫ તા.૩૧–૮–૦૯ ના રોજ કમિશ્નરશ્રી, આરોગ્ય અધિકારીશ્રી તથા ચીફ ફુડ ઈન્સ્પેકટરને તા.૩૧–૮–૦૯ ના રોજ કરેલી અરજી શીવ નમકીન, ૨૩ ,સરદાર એસ્ટેટ ,ચોકસીમીલ પાછળ, ઉધના મગદલ્લા રોડ, સુરતની વિગતે કરેલી અરજીની કાર્યવાહી અંગેની માંગેલ માહિતી જાવક નં.પીએચડી/ફુડ/૩૨૨ તા.૩૧–૮–૦૯ ના રોજ અરજદારને "૨૨/એ, શીવાંજલી બિલ્ડીંગ, સરદાર એસ્ટે, નં ૬ પરમાનંદ સોસા., ચોકસી મીલની પાછળ, ઉધના મગદલ્લા રોડ, સુરત ખાતે આવેલ શિવ નમકીન નામની સંસ્થાને ઉપલબ્ધ રેકર્ડ તપાસતાં ફુડ વિભાગનું પીએફએ એકટ હેઠળનું લાયસન્સ આપવામાં આવ્યું નથી અને આવા કારણોસર કોઈ પગલા લેવામાં આવેલ નથી. તેવી માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. જયારે મુદ્દા નં.૩ તા.૧ ૦–૯–૦૯ ની અરજી બી. પવન અને અમૃત આઈસ્ક્રીમ ઉધના ઉદ્યોગનગરની કરેલી અરજીની તથા મુદ્દા નં૪ બોરીંગ ટેન્કરોથી થતાં નુકશાન અને અકસ્માત બાબતે તા.૩–૭–૦૯ અને તા.૧૦–૬–૦૯ ની અરજીની કાર્યવાહી બાબતે કોઈ માહિતી પૂરી પાડેલ જણાતી નથી.

અરજદારે અપીલ અરજીમાં તેમની મુળ અરજીમાં નિર્દિષ્ટ વિવિધ ફરીયાદો/રજૂઆત બાબતે કાર્યવાહી ન થઈ હોય તો કેમ? તે અંગે માહિતી મળેલ નહીં હોવાનું ભારપૂર્વક જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી સા.ઝોન ધ્વારા મુદ્દા નં.૧ અને ૨ અંગે કાર્યવાહી થયેલ ન હોઈ માહિતી આપવાની રહેતી નથી તેવી માહિતી આપેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી આરોગ્ય ફુડ ધ્વારા પણ કાર્યવાહી નહીં થવાનું કોઈ કારણ આપેલ નથી. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨(જે) હેઠળ જાહેર સત્તા મંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની માહિતી આપવાની જોગવાઈ છે. પરંતુ કાયદાની કલમ–૪(૧) ડી ધ્યાનમાં લેવામાં આવે તો અસરકર્તા વ્યકિતઓને વહીવટી કે અર્ધન્યાયિક નિર્ણયોના કારણો આપવાની જોગવાઈ કરવામાં આવેલ છે. ફુડ લાયસન્સ વિનાની સંસ્થાનો મુદ્દો જાહેર જનતાને અને જાહેર હિતને અસરકર્તા ગણાય તેવી જ રીતે રોડ અને જાહેર મિલ્કતને થતું નુકશાન કે જાહેર જનતાને અડચણરૂપ બાંધકામો પ્રજાને અસરકર્તા જણાય. આરટીઆઈ કાયદાના આમુખ હેઠળ લોકશાહીમાં સુમાહિતગાર નાગરીકો અને માહિતીની પારદર્શિતા આવશ્યક હોવાનું જણાવેલ છે. સાથે સાથે સરકાર અને તેના સંશાધનો શાસિતને જવાબદાર રહે તે પરત્વે ભાર મુકવામાં આવેલ છે. જે બાબતોને ધ્યાનમાં લેતાં અરજદારની ફરીયાદ કે રજૂઆત બાબતે કાર્યવાહી હાથ નહીં શકવાના કારણોની હકીકતલક્ષી માહિતી આપવા પાત્ર થાય.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૨–૯–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી ધ્વારા નહીં પૂરી પડાયેલ મુદ્દા નં. ૪ ની માહિતી તથા મુદ્દા નં.૧ અને ૨ બાબતે અરજદારની નિર્દિષ્ટ અરજીઓ અંગે કાર્યવાહી હાથ નહીં ધરવાના કારણોની હકીકતલક્ષી માહિતી માટે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને તથા મુદ્દા નં.૩ અને ૫ અંગે નિર્દિષ્ટ અરજીઓ અંગે કાર્યવાહી હાથ નહીં ધરવાના કારણોની માહિતી માટે આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી (ફુડ) ને આરટીઆઈની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અરજદારને અત્રેની જાણ હેઠળ માહિતી પૂરી પાડવા જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/<br>
તારીખ : –૧૨ – ૦૯

ડે.**કમિશ્નર(જનરલ),**<br>
**અને એપેલેટ ઓફિસર**<br>
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**

(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન), આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી
..... જાણ તથા અમલ માટે

(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ